પોલીસનો સંદેશ : ઉજવણી કરો, પરંતુ કાયદાની હદમાં. નશો કરીને વાહન ચલાવશો તો સીધા જેલમાં

આ વખતે કોઈ નરમાઈ નહીં રાખવાનો સંદેશ

૩૧ ડિસેમ્બરે કાયદાનો ભંગ કર્યો તો જેલમાં

નશાખોરી, ડ્રિંક એન્ડ ડ્રાઇવ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકાવવા પોલીસ તંત્ર સંપૂર્ણ સજ્જ

ઉજવણીના નામે કાયદા સાથે ચેડા કરનારાઓ સામે કડક કાર્યવાહી

ચીખલી અને નવસારી ડિવિઝનના કુલ ૧૧ પોલીસ સ્ટેશનમાં ૩૩ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી

નવસારી : નવસારી જિલ્લામાં ૩૧ ડિસેમ્બરની ઉજવણીને લઈને નશાખોરી, ડ્રિંક એન્ડ ડ્રાઈવ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકાવવા પોલીસ તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. પોલીસ અધિક્ષક રાહુલ પટેલના સ્પષ્ટ અને કડક આદેશ બાદ જિલ્લાભરમાં પોલીસે લાલ આંખ કરી છે. ઉજવણીના નામે કાયદા સાથે ચેડા કરનારાઓ સામે આ વખતે કોઈ નરમાઈ નહીં રાખવાનો સંદેશ પોલીસ દ્વારા સ્પષ્ટ રીતે આપવામાં આવ્યો છે.

ચીખલી અને નવસારી ડિવિઝનના કુલ ૧૧ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં વ્યૂહાત્મક રીતે ૩૩ ચેકપોસ્ટ ઉભી કરી જિલ્લાને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે. મુખ્ય માર્ગો, આંતર જિલ્લા રસ્તાઓ તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં સતત વાહન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. નશામાં વાહન ચલાવનારાઓને પકડવા બ્રેથ એનાલાઈઝરનો વ્યાપક

ઉપયોગ કરી સ્થળ પર જ ગુનો નોંધાઈ રહ્યો છે અને વાહનો જપ્ત કરવામાં આવી રહ્યા છે.

પોલીસના આ આક્રમક અને ઝીરો ટોલરન્સ અભિગમથી દારૂની હેરાફેરી કરનારાઓ અને નશાખોર તત્વોમાં ફફડાટ ફેલાયો છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૫ દરમિયાન નવસારી એલ.સી.બી. દ્વારા રૂપિયા ૩.૩૯ કરોડથી વધુની ભારતીય બનાવટની વિદેશી દારૂની મોટી જથ્થાબંધ જપ્તી કરવામાં આવી છે, જે જિલ્લાની પોલીસની સખ્ત કાર્યવાહીનું સ્પષ્ટ ઉદાહરણ છે. નવસારી પોલીસનો સંદેશ એકદમ સ્પષ્ટ છે ઉજવણી કરો, પરંતુ કાયદાની હદમાં. નશો કરીને વાહન ચલાવશો તો સીધા કાયદાની ઝપટમાં આવશો અને પરિણામ ભોગવવું પડશે.

ફાર્મ હાઉસ, હોટલ અને ગેસ્ટ હાઉસ પણ પોલીસની નજર

નશાખોરી છુપાવીને પાર્ટીઓ યોજનારા ફાર્મ હાઉસ, હોટલ અને ગેસ્ટ હાઉસ પણ પોલીસની કડક નજર હેઠળ છે. એલ.સી.બી., એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસની સંયુક્ત ટીમો ડ્રોન કેમેરાની મદદથી અંદરની વિસ્તારોમાં પણ સતત ચેકિંગ કરી રહી છે, જેથી કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિ બચી ન જાય.

પાલિકાનું વાહન રસ્તામાં ફસાઈ જતા મામલો બહાર આવ્યો

નવસારી મહાનગરપાલિકાના 'સરકારી બ્લોકની હેરાફેરી'

પાલિકાના કર્મચારીઓ સામે તેમજ બ્લોક લઈ જવાતા હતા તે વ્યક્તિ સામે ફોજદારી નોંધાવવી આવશ્યક

નવસારી : નવસારીમાં નવસારી મહાનગરપાલિકાની કાર્યપદ્ધતિ સામે ગંભીર અને ચોંકાવનારા સવાલો ઊભા થયા છે. પાલિકાના જ વાહન મારફતે શહેરની હદ બહાર નજીકના ગામમાં સરકારી બ્લોકની હેરાફેરી કરવામાં આવી રહી હતી ત્યારે મહાનગરપાલિકાનું વાહન રસ્તામાં ફસાઈ જતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. વધુ ગંભીર બાબત એ છે કે ફસાયેલા વાહનને બહાર કાઢવા માટે ફરીથી મહાનગરપાલિકાની જ JCB મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો, જે સરકારી સાધનોના ખુલ્લા દુરુપયોગ તરફ સીધી રીતે ઈશારો કરે છે.

નિયમો મુજબ પાલિકા હસ્તકના સરકારી બ્લોક્સ ખાનગી હેતુ માટે કે શહેરની હદ બહાર આવેલા ફાર્મ હાઉસ અથવા અન્ય ખાનગી સ્થળે લઈ જવાનો સ્પષ્ટ પ્રતિબંધ છે. આવી પરિસ્થિતિમાં જવાબદાર પાલિકાના કર્મચારીઓ સામે તેમજ જ્યાં બ્લોક લઈ જવાતા હતા તે વ્યક્તિ સામે તાત્કાલિક ફોજદારી ગુનો નોંધાવવો આવશ્યક હતો.

પરંતુ ચોંકાવનારી વાત એ છે કે સમગ્ર ઘટનાની માહિતી ડેપ્યુટી કમિશનરને હોવા છતાં આજદિન સુધી કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. ગુનો દાખલ કરવો કે જવાબદારોને સસ્પેન્ડ કરવાની જગ્યાએ માત્ર ખુલાસા અને જવાબ મંગાવી મામલો 'ઠંડા બસ્તામાં' નાખી દેવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

માત્ર નોટિસ આપીને કામ પતાવી દેવાય

શહેરમાં હવે સવાલ ઉઠી રહ્યો છે કે શું સરકારી મિલકતની હેરાફેરી એટલી સામાન્ય બની ગઈ છે કે માત્ર નોટિસ આપીને કામ પતાવી દેવાય? જો કોઈ સામાન્ય નાગરિક સરકારી સામગ્રી સાથે ગેરરીતિ કરે તો તરત પોલીસ કાર્યવાહી થાય છે, તો અહીં બે માપદંડ કેમ અપનાવવામાં આવી રહ્યા છે?

મનપામાં કાયદો સૌ માટે સમાન નથી

નાગરિકોમાં ચર્ચા છે કે આ મૌન પાછળ કોઈ રાજકીય કે વહીવટી આશ્રય તો નથી ને? કે પછી ઊંડાણપૂર્વક તપાસ થાય તો મોટા જવાબદારો ફસાઈ જાય તેવી ભીતિ છે? નવસારીની જનતા હવે સ્પષ્ટ જવાબ માંગે છે કે સરકારી બ્લોક હેરાફેરી મામલે ફોજદારી ગુનો ક્યારે નોંધાશે અને જવાબદાર અધિકારીઓ પોતાની જવાબદારી ક્યારે નિભાવશે. જો આજે પણ કડક પગલાં નહીં લેવાય તો એ સ્પષ્ટ થશે કે મહાનગરપાલિકામાં કાયદો સૌ માટે સમાન નથી.

સાપુતારાના વિન્ટર ફેસ્ટિવલમાં લોકગીતોની જામી રમઝટ



■ સાપુતારા : સાપુતારાના વિન્ટર ફેસ્ટિવલમાં રવિવારની રાત્રિ પ્રવાસીઓ માટે યાદગાર બની રહી હતી. ઠંડીના ગુલાબી વાતાવરણમાં લોકગાયિકા જશવંતી ગોસ્વામી અને ભાવેશ આહીરના સૂરોએ સાપુતારાના પહાડોને ગુંજતા કરી દીધા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ 'ક્વિન ઓફ ગીર' તરીકે જાણીતા લોકગાયિકા જશવંતી ગોસ્વામી રહ્યા હતા. તેમણે પોતાના આગવા અને સુરીલા અવાજમાં ગુજરાતી લોકગીતો તેમજ ગરબાની એવી જાદુઈ પ્રસ્તુતિ કરી કે હાજર રહેલા પ્રવાસીઓ પોતપોતાની જગ્યાએથી ઉભા થઈ ગરબે ઘુમવા લાગ્યા હતા. લોકપ્રિય ગાયક ભાવેશ આહીરે પણ લોકગીતોની સાથે સાથે ગુજરાતના ખ્યાતનામ કવિઓની અમર રચનાઓ રજૂ કરીને શ્રોતાઓની ભારે વાહવાહી મેળવી હતી. ગિરિમથક સાપુતારા ખાતે આયોજીત વિન્ટર ફેસ્ટિવલના માધ્યમથી ગુજરાતની સમૃદ્ધ લોકકલા અને સંસ્કૃતિને વિશ્વ સ્તરે પ્રોત્સાહન મળી રહ્યું છે.

ઘેલખડી વિસ્તારમાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ

આગના ભડકા અને ધુમાડા દેખાતા સ્થાનિકોમાં અફરાતફરી મચી ગઈ

નવસારી : શહેરના ઘેલખડી વિસ્તારમાં આવેલા ભંગારના ગોડાઉનમાં વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તાર દહેશતમાં મુકાઈ ગયો હતો. સવારે આશરે ૪ વાગ્યાના આસપાસ ઘેલખડી તળાવ નજીક આગના ભડકા અને ધુમ્મસ ભરેલા ધુમાડાના ગોટા દેખાતા જ સ્થાનિકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઊંઘમાં પડેલા રહેવાસીઓ બહાર દોડી આવ્યા હતા અને થોડા સમય માટે વિસ્તાર જાણે અરાજક સ્થિતિમાં ફેરવાઈ ગયો હતો.

આગની જાણ થતાં જ નવસારી ફાયર વિભાગને દોડાવવામાં આવ્યો હતો. ફાયર ફાઈટર અને જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા બાદ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા પ્રયાસો શરૂ કર્યા હતા. જોકે, ગોડાઉનમાં ભરેલો ભંગાર હોવાથી આગ અત્યંત વિકરાળ બની ગઈ હતી અને ફાયર વિભાગને સતત ત્રણ કલાક સુધી ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

આ ભીષણ આગમાં ગોડાઉનમાં રાખેલો સમગ્ર ભંગાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો, જેના કારણે મોટાપાયે આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ છે. આશ્ચર્યજનક બાબત એ છે કે આવી ગંભીર ઘટના બાદ પણ આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી બહાર આવ્યું નથી. શહેરના વસતિભર્યા વિસ્તારમાં આવા ગોડાઉન અંગેની સલામતી અને દેખરેખ સામે પણ અનેક સવાલો ઊભા થયા છે.

સંક્ષિપ્ત સમાચાર

કામદારોના વિવિધ પ્રશ્ને વાપીમાં કોંગ્રેસે આક્રોશ રેલી કાઢી

વાપી : કામદારોના વિવિધ પ્રશ્નો અને તેઓની સાથે થતાં અન્યાયના વિરોધમાં વાપી શહેર અને પારડી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સોમવારે આક્રોશ રેલીનું આયોજન વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં કરાયું હતું. ઝંડાચોક પાસે મોટી સંખ્યામાં કામદારો સહિત કોંગ્રેસના કાર્યકર્તાઓ અને સમિતિના સભ્યો જોડાયા હતા. વિવિધ નારાઓ અને બેનરો સાથે આક્રોશ રેલી ઝંડાચોકથી નીકળી વાપી મહાનગરપાલિકા કચેરીએ પહોંચી હતી. ત્યારબાદ અનંત પટેલ દ્વારા કામદારોના વિવિધ પ્રશ્નોને આવરી લઈ ન્યાય અપાવવા માટે એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ અંગે જો કોઈ ન્યાય નહીં મળશે તો આવનારા સમયમાં વલસાડ કલેક્ટરને પણ આવેદન આપવામાં આવશે. આ રેલીમાં વલસાડ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તેમજ માજી સાંસદ કિશન પટેલ, વાપી પાલિકાના માજી વિરોધ પક્ષના નેતા ખંડુ પટેલ, યુવા કોંગ્રેસના પ્રમુખ સાદ બોગા તથા કોંગ્રેસ આગેવાન ફરહાન બોગા સહિત અગ્રણીઓ જોડાયા હતા. આ રેલીમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વાપી ટાઉન પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

આંતલીયા અસ્પી કન્યા વિદ્યાલયનો વાર્ષિક મહોત્સવ યોજાયો

બીલીમોરા : આંતલીયાની અસ્પી કન્યા વિદ્યાલય ખાનગી પ્રાથમિક વિભાગનો સોમનાથ સંકુલ સાંસ્કૃતિક ભવનમાં બુધવારે વાર્ષિક મહોત્સવ ઉજવાયો હતો. જેમાં ભૂલકાઓની સ્વાગત, અભિનય ગીત, સમૂહ નૃત્ય, ગણેશ વંદના, સમૂહ નૃત્ય, પ્રભુરામ વંદના, રાજસ્થાની નૃત્ય જેવી વૈવિધ્યસભર કૃતિઓએ રંગ જમાવ્યો હતો. શાળાના ટ્રસ્ટી દેવચંદભાઈએ મહેમાનોને આવકાર્યા હતા. ટ્રસ્ટી જયશ્રી દેસાઈએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. ટ્રસ્ટી ડો. કિશોર નાયકે શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. સમારંભ પ્રમુખ ડો. અર્ચના પટેલ અતિથિ વિશેષ, ભરતચંદ્ર દેસાઈ અને ડો. ભરત નાયકે ઉદબોધન કર્યુ હતુ. આ પ્રસંગે ગણેશ વંદના, પ્રભુ રામ વંદના, રાજસ્થાની નૃત્ય અભિનય ગીત, સંપૂર્ણ પંચાકૃતિ જેવી કૃતિઓએ ઓડિટોરિયમના પ્રેક્ષકોને ખુશ કર્યા હતા. આચાર્યા કામિની નાયકે ઋણ સ્વીકાર કરી લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સમારંભમાં પ્રમુખ ડો.અર્ચના પટેલ (ગાયનેકોલોજિસ્ટ, અત્રિક હોસ્પિટલ I.M.A ના પ્રમુખ), મુખ્ય મહેમાન ડો. જનકભાઈ પટેલ (ગાયનેકોલોજિસ્ટ અત્રિક હોસ્પિટલ), અતિથિ વિશેષ ડો. દર્શનાબેન એસ. નાયક (જ્યોતિકેર હોસ્પિટલ I.M.A ના સેક્રેટરી), ડો. હિરેનભાઈ નાયક એનેસ્થેટિસ્ટ, ડો. ભરતચંદ્ર દેસાઈ (આઈ સ્પેશિયાલિસ્ટ) તેમજ ડો.ભરત નાયક (એનેસ્થેટિસ્ટ), શાળા મંડળનાં સેક્રેટરી તુષારભાઈ, ટ્રસ્ટી દેવચંદભાઈ, ટ્રસ્ટી ડો.કિશોરભાઈ, ટ્રસ્ટી જયશ્રી દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા ચંદ્રિકાબેન પટેલ તેમજ વર્ષાબેન પટેલે કર્યું હતું.

બોરખેતમાં ૨૫૧ દીકરીઓના સમૂહલગ્ન

સાપુતારા : આજના ભૌતિકવાદી યુગમાં જ્યાં લગ્ન પાછળ કરોડો રૂપિયાનો આંધળો ખર્ચ કરવામાં આવે છે, ત્યારે ડાંગ જિલ્લાના આહવા નજીક ગણાતા બોરખેત ખાતે સેવાનો અનોખો યજ્ઞ જોવા મળ્યો હતો. પ્રાણીન ફાઉન્ડેશન અને ચંદ્રલોક ફાઉન્ડેશન દ્વારા સતત બીજા વર્ષે ૨૫૧ દીકરીઓના ભવ્ય નિ:શુલ્ક સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતુ. આયોજક સંસ્થાઓ દ્વારા દીકરીઓને કરિયાવરમાં પિયરની ખોટ ન સાલે તે રીતે ઘરવખરીની તમામ વસ્તુઓ અર્પણ કરવામાં આવી હતી. જેમાં બેડ અને ગાદલાં, રસોડાનો તમામ જરૂરી સામાન, ચાંદીનું મંગળસૂત્ર અને પાયલ જેવી કિંમતી ભેટોનો સમાવેશ થાય છે. લગ્ન સમારોહના આ સેવાકાર્યમાં આસપાસના વિસ્તારોમાંથી ૧૦,૦૦૦થી વધુ લોકો ઉમટી પડ્યા હતા. તમામ મહેમાનો અને પ્રવાસીઓ માટે સંસ્થા દ્વારા ઉત્તમ ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રાણીન ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, સાચી ખુશી જરૂરિયાતમંદ લોકોના ચહેરા પર સ્મિત લાવવામાં જ છે. આ ભવ્ય આયોજન એવા લોકો માટે આંખ ઉઘાડનારું છે જેઓ દેખાડા પાછળ અઢળક નાણાં વેડફી રહ્યા છે. ડાંગની ધરતી પરથી પ્રાણીન અને ચંદ્રલોક ફાઉન્ડેશને સાબિત કરી દીધું કે સાચી સેવા એ જ છે જે સમાજના છેવાડાના માણસ સુધી પહોંચે. આ કાર્યક્રમની સફળતાએ ડાંગના અંતરિયાળ વિસ્તારોમાં ખુશીની લહેર ફેલાવી દીધી છે.

સંક્ષિપ્ત સમાચાર

ભાઠા રોડ પર બાઇકચાલકે અડફેટે લેતા વૃદ્ધાનું મોત

બીલીમોરા : દેવધા ગામના વાગરી ફળિયામાં રહેતા ભીખીબેન હળપતિ દાતણ અને ચીકુ વેચવા માટે પગપાળા બીલીમોરા આવવા નીકળ્યા હતા. તેઓ જ્યારે ભાઠા રેલ્વે બ્રિજ પસાર કરી દેવધા તરફ જતા જાહેર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અમલસાડના કાચા તળાવ ફળિયામાં રહેતા નિકેશ મહેશભાઈ પટેલ પોતાની પલ્સર મોટરસાયકલ (નંબર GJ-21 DF 0261) લઈને પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે આવી રહ્યા હતા. તેમણે માર્ગ પર ચાલતા જઈ રહેલા ભીખીબેનને પાછળથી જોરદાર ટક્કર મારી હતી ટક્કર વાગતા વૃદ્ધા રોડ પર પટકાયા હતા, જેના કારણે તેમને માથાના ભાગે, જમણા પગના ફ્રેક્ચર તેમજ શરીરના અન્ય ભાગો પર પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. ભીખીબેનને સારવાર માટે ખસેડવામાં આવતા તેમનું મોત નીપજ્યું હતું.

નવસારીના શોરૂમમાંથી રૂપિયા 18 હજારના મોબાઇલની ચોરી

નવસારી: નવસારીના ટાવર રોડ પર શોરૂમમાંથી રૂપિયા 18 હજારના મોબાઇલની ચોરી થઇ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ફરીયાદી ભાવિન પટેલ (ઉ.વ.28, ધંધો-નોકરી, રહે. ઇટાળવા નવા ફળીયા, તા.જી. નવસારી)ની માલિકીનો ગોલ્ડ કલરનો વિવો કંપનીનો T2x મોબાઇલ ફોન દુકાનમાંથી કોઈ અજાણ્યા ચોર ઇસમે ચોરી કરી લીધો હતો. ચોરી થયેલા મોબાઇલની અંદાજિત કિંમત રૂપિયા 18,000 થાય છે. ફરિયાદના આધારે અજાણ્યા આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને પોલીસ દ્વારા આરોપીની શોધખોળ ચાલુ છે. આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી.પી. ચૌધરી દ્વારા કરવામાં આવી રહી છે.

મહિલા બેંકે ડોરમેટ એકાઉન્ટ અને ડિવિડન્ટથી લોન ભરપાઈ કરી

રિઝર્વ બેંકની ગાઇડલાઇન વિરુદ્ધ બોર્ડ ઓફ ડિરેક્ટરે ઠરાવ કરી આ પૈસા એનપીએ એકાઉન્ટમાં નાખી દીધા

વલસાડ : વલસાડની 50 વર્ષ જૂની મહિલા બેંક હવે ભૂતકાળ બનવા તરફ જઈ રહી છે. બેંકનું અસ્તિત્વ પૂરું કરવામાં એક માત્ર જયેશ બાબુ સીંગની લોન જ નહી, પરંતુ અન્ય લોન કૌભાંડો પણ જવાબદાર બની રહ્યા છે. આ લોન કૌભાંડો છૂપાવવા માટે બેંકના ડોરમેટ એકાઉન્ટ અને જે શેર હોલ્ડરો ડિવિડન્ટ ન લઈ શક્યા હોય એમનું ડિવિડન્ડ એનપીએ એકાઉન્ટમાં લઈ ગયા હતા. આ નિર્ણય બોર્ડ ઓફ ડિરેક્ટરોએ જ લીધો હોવાનું જોવા મળ્યું હતુ.

વલસાડ મહિલા નાગરિક સહકારી બેંકની કસ્તી હાલ ડૂબી રહી છે. ત્યારે સંચાલકોમાં પણ ભાગલા પડ્યા છે અને તેના કારણે તેમના અનેક કારભારો બહાર આવી રહ્યા છે.જેમાં બેંકના અનેક એનપીએ એકાઉન્ટની ખાનાપૂર્તિ માટે બેંકના સંચાલકો દ્વારા લેવાયેલા પગલાંની ભારે ચર્ચા ચાલી રહી છે. આ તમામ વસ્તુ પોલીસ તપાસમાં પણ ખૂલી છે. બેંકમાં અનેક એનપીએ એકાઉન્ટ હતા. જેની રકમ રૂપિયા 20 કરોડ ઉપરાંતની હતી. આવા અનેક લોન એકાઉન્ટને સરભર કરવા માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા એક ઠરાવ કરવામાં આવ્યો હતો. જેમાં ડોરમેટ એકાઉન્ટ અને અનક્લેઇમ ડિવિડન્ડની રકમ એનપી એ એકાઉન્ટમાં લઈ જવાનો નિર્ણય લેવાયો હતો. આ નિર્ણયનો બેંક મેનેજરે અમલ કર્યો હતો. આવી અનેક ઘટનાઓ બની છે, જેના કારણે બેંકને પારાવાર આર્થિક નુકસાન થયું હતુ અને બેંકને 35એ ની કલમ લાગી ગઈ હતી.

દોષનો ટોપલો મેનેજર પર ઢોળી દઇ અન્યો બચી ગયા

વલસાડ મહિલા નાગરિક સહકારી બેંકમાં જેટલી પણ લોન અપાઇ હતી. એ તમામ લોનની રકમ લોન કમિટીમાં પાસ થઇ હતી. પછી જ જે તે વ્યક્તિને લોન આપવામાં આવી હતી. આ તમામ ઠરાવોમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની પણ સહી હોવાનું પણ બહાર આવ્યું છે. જોકે, પોલીસ ફરિયાદમાં જયેશ બાબુ સીંગના લોન પ્રકરણમાં આખો દોષનો ટોપલો બેંક મેનેજર સોહમ દેસાઇ પર ઢોળી દઇ અન્ય લોકો પોતે ખસી ગયા હતા.

'નવસારી કાઈટ ફેસ્ટિવલ-૨૦૨૬', ઉત્તરાયણ બનશે ખાસ

નવસારી : નવસારી શહેરમાં પહેલી વખત ઉત્તરાયણને વધુ રંગીન અને યાદગાર બનાવવા માટે 'નવસારી કાઈટ ફેસ્ટિવલ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. તારીખ ૧૦ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાનાર આ કાઈટ ફેસ્ટિવલમાં આકાશ રંગબેરંગી પતંગોથી ઝળહળી ઉઠશે અને પરિવાર સાથે આનંદ માણવાની અનોખી તક મળશે. ફેસ્ટિવલ દરમિયાન પતંગબાજી, મનોરંજન અને ઉત્સાહભર્યા માહોલ વચ્ચે વિવિધ સ્પર્ધાઓ યોજાશે, સ્પર્ધામાં ટોપ-૩ વિજેતાઓને આકર્ષક ઇનામોથી સન્માનિત કરવામાં આવશે. આ કાઈટ ફેસ્ટિવલનું આયોજન નવસારી મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યું છે. આયોજકો દ્વારા તમામ ઉંમરના પતંગબાજો તથા ઉત્તરાયણપ્રેમીઓને આ ઉત્સવમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

દબાણકર્તાઓએ સ્લેબ ડ્રેનેજ ગટરને નુકસાન પહોંચાડ્યું

કાર્યપાલક ઈજનેરે સ્થળ મુલાકાત લેતા દબાણકર્તાઓમાં ફફડાટ, સ્થાનિકોની પણ કડક કાર્યવાહીની માંગ

સાપુતારાઃ ડાંગ જિલ્લાના શામગહાન ખાતે રાજ્ય ધોરીમાર્ગ પર લાખોના ખર્ચે બનેલી ગટરને નુકસાન પહોંચાડનારા દબાણકર્તાઓ સામે માર્ગ અને મકાન વિભાગે લાલ આંખ કરી છે. તાજેતરમાં કાર્યપાલક ઈજનેર કેતનભાઈ ઢુંકણાએ શામગહાન અને સાકરપાતળ વિસ્તારની ઓચિંતી મુલાકાત લેતા દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

રાજ્ય ધોરીમાર્ગ પેટા વિભાગ, વઘઈ દ્વારા વાહનચાલકો અને રાહદારીઓની સુવિધા માટે 60 લાખના ખર્ચે સ્લેબ ડ્રેનેજ ગટર બનાવવામાં આવી હતી. જો કે, કામ પૂર્ણ થયાના માત્ર એક

અઠવાડિયામાં જ સ્થાનિક તત્વોએ ગટર પર 40 ટન વજનના ટ્રક અને જેસીબી જેવા ભારે વાહનો ચડાવી દેતા ગટરના સ્લેબ તૂટી ગયા હતા. સરકારી મિલકતને થયેલા નુકસાન અને અકસ્માતના ભયને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

આ બાબતને ગંભીરતાથી લઈ કાર્યપાલક ઈજનેરે સ્થળ પર જઈ નુકસાનીનું નિરીક્ષણ કર્યું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે ભારે વાહનો ચડાવવાથી અને ગ્રામ પંચાયતના ખોદકામથી આ નુકસાન થયું છે, જે બદલ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તૈયારીઓ શરૂ કરાઈ છે. સ્થાનિક જનતા પણ માગ કરી રહી છે કે કોઈપણ શેહ-શરમ રાખ્યા વિના રસ્તાની માપણી કરી ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવે. અધિકારીની આ મુલાકાત બાદ આગામી દિવસોમાં શામગહાન પંથકમાં દબાણો પર બુલડોઝર ફરે તેવી પૂરી શક્યતા છે.